દાખલ તારીખ ૦૮/૦૮/૨૦૨૪
રજી. થયા તારીખ ૦૮/૦૮/૨૦૨૪
નિકાલ તારીખ ૦૮/૦૪/૨૦૨૬
સમયગાળો વર્ષ માસ દિવસ
૦૧ ૦૮ ૦૦

सत्यमेव जयते

---

**પાલીતાણાનાં મે. એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. પાલીતાણા**

---

**ક્રીમીનલ કેસ નંબર: ૧૦૯૬/૨૦૨૪**

**આંક:**

**પોપટભાઇ કરશનભાઇ વિરાશ,**
**ઠે. આંબેડકર સોસાયટી, ભીમ ચોક, પાલીતાણા.**
**તા. પાલીતાણા, જી. ભાવનગર. ... ફરીયાદી.**

**વિરૂધ્ધ**

**રમેશભાઇ બેચરભાઇ સરવૈયા,**
**રહે. ગામ નાના પા પ્લોટ નં. ૩/બી, સુમન ટાઉનશીપ, સુભાષનગર, ભાવનગર. ... આરોપી.**

........................................................................
ફરીયાદ: ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ.
........................................................................
ફરીયાદ પક્ષે :– વિ.વ.શ્રી જે.એમ. ગોહિલ
આરોપી પક્ષે :– વિ.વ.શ્રી આર.બી. ગોહિલ
........................................................................

**ફોજદારી કેસ નં ૧૦૯૬/૨૦૨૪**

**આંક : ૦૧ તથા ૩૮ લગત સંયુક્ત હુકમ**

અરજી વંચાણે લીધી. સાંભળ્યા. આરોપી તરફે વિ.વ.શ્રીની રજુઆત છે કે, ધી નેગોશીયેબલ ઈનસ્ટુમેનટ એકટની કલમ ૧૩૮ મુજબ આરોપી સામેનો કેસ છે અને ફરીયાદી દ્વારા રૂા.૧,૦૦,૦૦૦/– (એક લાખ પુરા) ચેકની રકમ વસુલવા અંગે હાલની ફરીયાદ કરેલ છે જે રકમ ફરીયાદીની કોઈ કાયદેસરની બાકી લેણી રકમ નીકળતી નથી છતાં આરોપીની તબીયત નાદુરસ્ત રહે છે જે અંગે આરોપીને તથા તેનાં પરીવારને ચિંતામાં જીંદગી વિતાવી રહેલ હોય જેથી બચાવ અબાધિત રાખી ચેકની રકમ ચુકવણી તૈયાર હોય અને આજરોજ રૂા.૧,૦૦,૦૦૦/– (એક લાખ પુરા) ના.કોર્ટમાં જમા કરાવેલ છે જેથી તે સ્વીકારી ના.ગુજરાત હાઈકોર્ટ તેમજ સુપ્રિમ કોર્ટનાં ચુકાદાઓ ઉપર આધાર રાખી આરોપીને આરોપ મુક્ત કરી કેસ રદ કરવા અરજ કરેલ છે. જયારે ફરીયાદીને સદરહું અરજ અંગે તેમજ કોર્ટમાં ચેકની રકમ જમા થયેલ રકમ અંગે સમજ આપવામાં આવેલ છે તે અંગે યોગ્ય રજુઆત કરવા પુરતો સમય પણ આપેલ હોય જે અંગે આરોપીનાં વિ.વ.શ્રી દ્વારા ના એપેલેન્ટ કોર્ટનાં સિધ્ધાંત મુજબ યોગ્ય હુકમ કરવા રજુઆત કરેલ છે.

આમ, ઉપરોક્ત બંને પક્ષકારોની રજુઆત ધ્યાને લેતાં તથા કેસનું રેકર્ડ ધ્યાને લેતાં હાલની ફરીયાદીની ફરીયાદ મુજબ આરોપી પાસેથી ફરીયાદીને રૂા.૨,૦૦,૦૦૦/– (અંકે રૂ પિયા બે લાખ પુરા) બાકી હતાં જે પૈકી અગાઉ રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) ફરીયાદીને મળી ગયેલ છે અને આરોપી પાસે રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) બાકી લેણાં હતાં જે ઉઘરાણી કરતાં ફરીયાદવાળો ચેક નંબર ૦૦૫૪૦૨, રૂા.૧,૦૦,૦૦૦/– તા.૩૦/૦૫/૨૦૨૪નો બેંક ઓફ મહારાષ્ટ્ર, પાળીયાદ રોડ, બોટાદ શાખાનો ફરીયાદીને આપવામાં આવેલ છે જે ફરીયાદીએ વસુલ થવા તેમની બેંક એચ.ડી.એફ.સી.બેંક, પાલીતાણા શાખાનાં તેમનાં ખાતા નં. ૫૦૧૦૦૧૬૨૬૪૧૩૮૦માં તા.૮/૭/૨૦૨૪ રજુ કરતાં સદર ચક ફનસ્ ઈનસફીશયન્ટનાં શેરા સાથે તા.૯/૭/૨૦૨૪નાં બેંક રીર્ટન મેમો સાથે પરત ફરેલ જે અંગે ફરીયાદીએ આઆરોપીને તેમનાં વિ.વ.શ્રી મારફતે લીગલ નોટીસ તા.૧૧/૭/૨૦૨૪નાં રોજ આપેલ જે નિયત સમય મર્યાદામાં ચેકનાં નાણાં આરોપીએ પરત ન કરતાં હાલની નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ અત્રેની અદાલતમાં

ફરીયાદ કરેલ છે જે અંગે આરોપીને સમન્સ કરતાં તેઓ તેમનાં વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે જે અંગે આંક : ૧૧થી આરોપીની પ્લી લેવામાં આવેલ છે જે બાદ હાલનાં કામમાં આંક : ૪થી ફરીયાદીની જુબાની, તથા આંક : ૨૯ બેંક સાહેદ શયામલ પ્ર જ્ઞેશભાઈ રાવલની જુબાની થયેલ છે ત્યારબાદ ફરીયાદીનાં વધુ પુરાવા ઉપર કામ ચાલી આવેલ છે. અને ત્યારબાદ હાલની અજ આવેલ છે જે જોતાં, હાલની અરજી અનુસંધાને આરોપીએ ચેકની રકમ રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) અત્રેની અદાલતમાં આંક ૩૯ મુજબ રજી.સી.એન્ટ્રી નં.૮૬/૨૫–૨૦૨૬થી પહોંચ નં.૭૫૬૨૭૨૪થી તા.૨૩/૨/૨૦૨૬થી જમા કરાવેલ છે.

આમ, ઉપરોક્ત હકીકતો જોતાં એવું પ્રથમદર્શનીય છે કે આરોપીએ હાલની ફરીયાદ મુજબનાં ચેકની રકમ રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) ફરીયાદીએ નહી સ્વીકારતાં અત્રેની અદ્યલતમાં જમા ઉપરોકત વિગતે જમા કરાવેલ છે. જયારે નામદાર સુપ્રિ મ કોર્ટએ તેમનાં નીચેનાં ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત જોઈએ તો,

**Hon'ble Supreme Court of India, Sanjabij Tari Versus Kishore S.Borcar, Criminal Appeal No.** 1755 **of** 2010::

"38. Since a very large number of cheque bouncing cases are still pending and interest rates have fallen in the last few years, this Court is of the view that it is time to revisit and tweak the guidelines. Accordingly, the aforesaid guidelines of compounding are modified as under:- (a) If the accused pays the cheque amount before recording of his evidence (namely defence evidence), then the Trial Court may allow compounding of the offence without imposing any cost or penalty on the accused. (b) If the accused makes the payment of the cheque amount post the recording of his evidence but prior to the pronouncement of judgment by the Trial Court, the Magistrate may allow compounding of the offence on payment of additional 5% of the cheque amount with the Legal Services Authority or such other Authority as the Court deems fit. (c) Similarly, if the payment of

cheque amount is made before the Sessions Court or a High Court in Revision or Appeal, such Court may compound the offence on the condition that the accused pays 7.5% of the cheque amount by way of costs. (d) Finally, if the cheque amount is tendered before this Court, the figure would increase to 10% of the cheque amount.

39. This Court is of the view that if the Accused is willing to pay in accordance with the aforesaid guidelines, the Court may suggest to the parties to go for compounding. If for any reason, the financial institutions/complainant asks for payment other than the cheque amount or settlement of entire loan or other outstanding dues, then the Magistrate may suggest to the Accused to plead guilty and exercise the power under Section 255(2) and/or 255(3) of the Cr.P.C. or 278 of the BNSS, 2023 and/or give the benefit under the Probation of Offenders Act, 1958 to the Accused.″

આમ, ઉપરોક્ત પ્રસ્થાપિત સિધ્ધાંતો તથા માર્ગદર્શન જોતાં, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ની કલમ ૧૩૮ હેઠળનો ગુનો અર્ધ–ગુનાહીત અને સમાધાન થઈ શકે તેવા પ્રકારનો હોય જેથી રાષ્ટ્રીય નિયામક કાયદા હેઠળ સજાએ બદલો લેવાનું સાધાન નથી પરંતુ પૈસાની ચુકવણી સુનિશ્ચિત કરવા અને રોકડ ચુકવણીનાં વિશ્વાસનીય વિકલ્પ તરીકે ચેકની રકમનું વિશ્વાસનીયતાને પ્રોત્સાહન આપવાનું એક સાધન છે. ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો તથા માર્ગદર્શન આ કેસમાં લાગુ પડતાં આરોપીએ ચેકની રકમની અત્રેની કોર્ટમાં જમા કરાવેલ છે જયારે ફરીયાદીએ તેવી રકમ સ્વીકારેલ ન હોય અને તે ઉપાડેલ ન હોવાનું પ્રથમદર્શનીય માનવાને કારણ રહે છે જે દયાને લેતાં આરોપીએ પોતાનો બચાવ અંગેનો પુરાવો આપતાં પહેલા ચેકની રકમ ફરીયાદીને આપતાં ન સ્વીકારતાં અત્રેની કોર્ટમાં ભરેલ હોવાનું માનવાને કારણ રહે છે જેથી ફરીયાદી ચેક સિવાયની રકમની માંગણી કરે તે આ કેસમાં ગ્રાહય રાખી શકાય તેમ હોય તેવાં સંજોગોમાં આરોપી ઉપર કોઈ પણ ખર્ચ અથવા દંડ લાથયા વિના આરોપીની હાલની અરજી ગ્રાહય રાખવા પાત્ર ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો

તથા માર્ગદર્શન મુજબ જણાતી હોય જેથી નયાયનાં હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

:: હુકમ ::

સદરહું કામના આરોપીએ ફરીયાદ વાળા ચેકની રકમ રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) રજી.સી.એન્ટ્રી નં.૮૬/૨૫–૨૦૨૬થી પહોંચ નં.૭૫૬૨૭૨૪થી તા.૨૩/૨/૨૦૨૬થી જમા કરાવેલ હોય જે સંજોગોમાં આરોપીએ ચેકની રકમ ચુકવેલ હોય જેથી ચેકની લેણી રકમ સ્વીકારેલ હોય જેથી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ની કલમ ૧૩૮ હેઠળ તકશીરવાર ઠરાવી આરોપીને કોર્ટ ઉઠતાં સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

જયારે ફરીયાદીએ ફરીયાદ વાળા ચેકની રકમ રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) રજી.સી.એન્ટ્રી નં.૮૬/૨૫–૨૦૨૬થી પહોંચ નં.૭૫૬૨૭૨૪થી તા.૨૩/૨/૨૦૨૬થી જમા રકમ દિન–૩૦(ત્રીસ)માં ઉપાડી લેવાનો હુકમ કરવામાં આવે છે જે કસુર કરેથી તે અંગેની નિયમોનુસારની જવાબદારી ફરીયાદી રહેશે તેવો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખઃ ૦૮ મી, માહેઃ એપ્રિલ, સને: ૨૦૨૬ નાં દિને સદરહું હુકમ આ અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૦૮/૦૪/૨૦૨૬

સ્થળ: પાલીતાણા

**(રાજેશ માંદીયાભાઇ ધોડી)**
એડીશનલ ચીફ જયુડીશીયેલ મેજીસ્ટ્રેટ,
પાલીતાણા. જી.જે.૦૧૧૭૫

કે.એ. ખાણધર.